# <u>સુરત મહાનગરપાલિકા</u>

## <u>સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોન</u>

## <u>અખબાર યાદી</u>

સુરત મહાનગર પાલિકાના સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોનના આકારણી અને વસુલાત વિભાગ દ્વારા તા. ૧૭/૦૨/૨૦૨૬ ના રોજ અઠવાલાઇન્સ, વેસુ, ડુમ્મસ, ભટાર, મજુરા, અલથાણ, સીટી લાઇટ તેમજ ભીમરાડ વિસ્તારમાં વેરા વસુલાતની સઘન ઝુંબેશ દરમ્યાન તેમજ મિલકતો ટાંચમાં લેતા **<u>૧૬૮</u>** મિલકતો સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. જેમાં અનેક મિલકતદારોએ સ્થળ પર વેરાની ભરપાઇ કરતા તેમજ વેરા વસુલાતની સઘન ઝુંબેશ હાથ ધરતા આજરોજ કુલ રૂપિયા **<u>૭૦,૬૭,૧૮૩/- (સીત્તેર લાખ સડસઠ હજાર એકસો ત્રાંસી રૂપિયા)</u>** ની વસુલાત કરવામાં આવેલ છે તેમજ **<u>સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોન</u>**ના આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સતત વસુલાતની  ઝુંબેશ કરી કડક કાર્યવાહી હાથ ધરતા ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન આજદિન સુધી રૂપિયા **<u>૧૮૯.૫૪</u>** **કરોડ** ની આવક થયેલ છે.

વધુમાં જે મિલકતનો વેરો ભરપાઈ કરવામાં બેદરકારી રાખનાર કરદાતાઓની મિલકતોને સીલ કરવાની કડક કાર્યવાહી કરવામાં આવનાર છે. જેથી બાકી મિલકતદારોને જણાવવાનું કે બાકી મિલકત વેરા તાકીદે ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

જન સંપર્ક વિભાગ
સુરત મહાનગર પાલિકા
સમાચાર યાદી નં ૫૮૨
તા.૧૭/૦૨/૨૦૨૬